


# દ્વિમાર્ગી ક્રાંતિની સવા સદી...



**ઇતિહાસ અને વર્તમાનના આ બંને અંતિમો વચ્ચે અહીં એવી એક ઘટનાની વાત કરવી છે જેમાં ધર્મ બચાવવાની વાત નથી બલકે ધર્મનું ગૌરવ પુન:પ્રસ્થાપિત કરી ધર્મનો ઉપયોગ ક્રાંતિ લાવવા માટે થયો છે અને એ ક્રાંતિ પણ કેવી? એકધારી-એકમાર્ગી ક્રાંતિ નહીં બલકે બેધારી-દ્વિમાર્ગી ક્રાંતિ....**

ક્રાંતિ એટલે શું? અથવા ક્રાંતિ કેટલા પ્રકારની હોઇ શકે? આ પ્રશ્નના સીધા જવાબો અનેક હોઇ શકે પણ આ બધા પ્રચલિત અર્થોથી દૂર હટીને અહીં થોડી વાત કરવી છે. વિવિધ ધર્મો બચાવવા સમયાંતરે ઘણી ક્રાંતિઓ થતી રહી છે. આ બાબતનો ઇતિહાસ સાક્ષી છે અને આ જ ‘ધર્મ બચાવવા’ના નામે અત્યારે દુનિયાભરમાં વિવિધ સ્વરૂપે કાળો કેર વરતાવાઇ રહ્યો છે તે બાબતનો વર્તમાન સાક્ષી છે. ઇતિહાસ અને વર્તમાનના આ બંને અંતિમો વચ્ચે અહીં એવી એક ઘટનાની વાત કરવી છે જેમાં ધર્મ બચાવવાની વાત નથી બલકે ધર્મનું ગૌરવ પુન:પ્રસ્થાપિત કરી ધર્મનો ઉપયોગ ક્રાંતિ લાવવા માટે થયો છે અને એ ક્રાંતિ પણ કેવી? એકધારી-એકમાર્ગી ક્રાંતિ નહીં બલકે બેધારી-દ્વિમાર્ગી ક્રાંતિ.

જી હા, અહીં વાત થઇ રહી છે ૧૮૯૩ની શિકાગો વિશ્વધર્મ પરિષદ અને તેમાં સ્વામી વિવેકાનંદે આપેલા વક્તવ્યની. એ વક્તવ્યની ચર્ચા આમ તો ઘણી થઇ છે અને થતી પણ રહેવાની છે પરંતુ અત્યારે આ વક્તવ્યની ૧૨૫મી જયંતી નજીક આવી રહી છે ત્યારે અહીં એ ધર્મપરિષદ અને એમાં અપાયેલા એ વક્તવ્યને અહીં જરા જુદી રીતે મૂલવવાનો પ્રયાસ કર્યો છે. એ ધર્મપરિષદ એટલે એક યુગપ્રવર્તક ઘટના અને એમાં





વિવેકાનંદે આપેલું એ વક્તવ્ય એટલે એક યાદગાર વક્તવ્ય- આ બંને મુદ્દે તો આજસુધી ઘણી ચર્ચા થઇ ચૂકી છે એટલે અહીં એ દૃષ્ટિકોણથી ચર્ચા કરવાનું ટાળ્યું છે.

આ સમગ્ર ઘટનાક્રમ અંગેનો જ બીજો દૃષ્ટિકોણ એવો હોઇ શકે અથવા કહો કે એવો છે કે આ વક્તવ્ય એ એક પ્રકારે ક્રાંતિનું આહ્વાન હતું અને શિકાગોની ધર્મપરિષદ એ આ ક્રાંતિ કરવા માટેનો, લાવવા માટેનો યોગ્ય અને અસરકારક મંચ હતો. આવું કઇ રીતે બને તેની વાત આપણે પછી કરીએ તે પહેલાં એ વક્તવ્યની એક નાની ઝલક જોઇએ.

સર્વકાલીન કહી શકાય તેવા આ વક્તવ્યની શરૂઆતમાં જ વિવેકાનંદ કહે છે, “અમેરિકન ભાઈઓ અને બહેનો વિશ્વની સૌથી પ્રાચીન સાધુ-પરિવ્રાજક સંસ્કૃતિ વતી, બધા ધર્મોના ઉદ્‌ભવસ્થાન સમી સંસ્કૃતિ તેમજ બધા જ વર્ગો, જાતિઓ-પ્રજાતિઓના હિંદુઓ વતી હું આપ સૌનો આભાર માનું છું.” તેઓ આગળ કહે છેઃ “મને એક એવા ધર્મના પ્રતિનિધિ હોવાનું ગૌરવ છે જે સહિષ્ણુતા અને સાહજિક સર્વસ્વીકૃતિની બાબતે વિશ્વગુરુ છે. ખ્રિસ્તીઓ હોય કે પારસી, જ્યારે પોતપોતાના ધર્મો પર જોખમ તોળાયું ત્યારે સૌએ હિંદુસ્તાનનું શરણું શોધ્યું અને હિંદુ ધર્મે તેમને બહુ સાહજિકતાથી સ્વીકાર્યા પણ ખરા. આવા ધર્મના પ્રતિનિધિ હોવાનો મને ગર્વ છે. ખુદ આ ધર્મ પરિષદ જ ગીતામાં ઉપદેશેલા એકેશ્વરવાદનો પ્રતિધ્વનિ છે. આ ધર્મ પરિષદ એ વર્તમાન દુનિયાના દુષ્ટ અને ક્રૂર પરિબળોના મૃત્યુઘંટ સમાન બુલંદ ઘોષણા છે. અહીં એકઠા થયેલા સૌ આજના કલુષિત વાતાવરણમાંથી માનવજાતિની મુક્તિ અને કલ્યાણના એકસમાન ધ્યેયને સિદ્ધ કરવાની દિશામાં કાર્યરત બને એ સમયનો તકાજો છે. ” આ તો આ વક્તવ્યનો સાર માત્ર છે. તેમાં બીજી ઘણી આવી બાબતો છે જે આજે પણ પ્રેરક છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે આ વક્તવ્યની વાત નીકળે ત્યારે આપણે સૌ લેડીઝ એન્ડ જેન્ટલમેનના સંબોધનના બદલે અમેરિકન ભાઈઓ અને બહેનોના વિવેકાનંદના સંબોધન પર આવીને અટકી જઇએ છીએ પણ સમજવાની વાત એ છે કે એ સંબોધનમાં અગાઉ કહ્યા તે મુજબના ઘણા મુદ્દાઓ એવા હતા જેના કારણે તે આજેય યાદગાર બની રહ્યું છે.

હવે મૂળ વાત પર આવીએ, જેનાથી આપણે શરૂઆત કરેલી કે આ એક ક્રાંતિકારી આહ્વાન છે અને ધર્મપરિષદ તેને માટેનો અસરકારક મંચ છે. આ વાતને સમજીએ ત્યારે એમ કહી શકાય કે આ સંબોધનની શરૂઆત વિશ્વને હિંદુ ધર્મનું સાચું સ્વરૂપ સમજાવવાથી થાય છે અને અંત માનવજાતની મુક્તિ માટેની ક્રાંતિની ઉદ્‌ઘોષણાથી આવે છે.

અહીં મહત્ત્વની વાત એ છે કે કેટલાંક નોંધાયેલા ઐતિહાસિક તથ્યોને સાચા માનીએ તો ભારતના સૌપ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ તરીકે નોંધાયેલા ૧૮૫૭ના સંગ્રામ પાછળ પ્રેરણા સ્વામી દયાનંદ સરસ્વતીની હોવાનું નોંધાયેલું છે અને પછી ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં તેમજ ૨૦મી સદીના પૂર્વાર્ધમાં ગાંધીજીની પ્રેરણા અને રાહબરી હેઠળ આ દેશને આઝાદી મળી તે બંને છેડાની વચ્ચેના ગાળામાં ધર્મનો સાચો અર્થ વિશ્વને સમજાવીને તેને ક્રાંતિના સાધન તરીકે અને તે માર્ગે વાપરવાની વાત વિવેકાનંદે આ વિશ્વધર્મપરિષદના મંચનો ઉપયોગ કરીને વિશ્વ સમક્ષ મૂકી હતી. એ રીતે સ્વામી વિવેકાનંદને આજના અર્થમાં નહીં બલકે ખરા સૈદ્ધાંતિક અને શાબ્દિક અર્થમાં ‘ધાર્મિક ક્રાંતિકારી’ અથવા ‘ક્રાંતિકારી પરિવ્રાજક’ કહી શકાય. અલબત્ત આ અંગે મતભેદ હોઇ શકે અને એટલે જ એ સ્પષ્ટ કરવું રહ્યું કે આ લખનારનો અંગત મત છે અને તટસ્થ છે. કોઇ ચોક્કસ વિચારસરણી સાથે તેને કોઇ લેવાદેવા નથી. આપણે આ ઐતિહાસિક ઘટના અંગેના જે દૃષ્ટિકોણની વાત કરી રહ્યા છીએ તેના સમર્થનમાં આ થઇ એક વાત. આ જ સંદર્ભે વધુ એક વાત એ પણ કહી શકાય કે સ્વામી વિવેકાનંદના જીવનના આ તબક્કા પર નજર કરતાં આપણને તેમાંથી જ એવી બાબતો મળી રહે છે જે આ વાતને પુરવાર કરે છે. ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદનો જીવનકાળ આ દેશના એવા સમયગાળા દરમ્યાનનો રહ્યો કે જ્યારે અહીં સ્થાનિક રાજાશાહી અને વિદેશી કહેવાય તેવા ગોરાઓના શાસનનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો અને હજી ઘણા લાંબા કાળખંડ સુધી તે આથમે એવા કોઇ આસાર વરતાતા નહોતા. સામે પક્ષે આપણી સામાન્ય પ્રજાની હાલત કેવી હતી? એક સમયે જ્યાં ઘી-દૂધની નદીઓ વહેતી હોવાનું ઇતિહાસમાં નોંધાયેલું છે તેવા આ અતિ ધનવાન દેશની પ્રજા ગરીબી તેમજ શોષિત અને દબાયેલી, કચડાયેલી સામાજિક સ્થિતિમાં રહેતી હતી. અધૂરામાં પૂરું ધાર્મિક અંધશ્રદ્ધા અને કુરિવાજો અંગ્રેજોના કડક કાયદાઓના પ્રતાપે અંકુશમાં આવ્યા હોવા છતાં મોટા પ્રમાણમાં ચાલુ રહેવા પામ્યા હતા. આ પરિસ્થિતિમાં પોતાના સાધુ જીવનની શરૂઆતમાં ભારતભ્રમણ કરીને દારુણ પરિસ્થિતિને નજરે નિહાળનાર સ્વામી વિવેકાનંદને એવી જરૂર લાગી કે આ પ્રજાને પોતાના ખોવાયેલા ગૌરવનો અહેસાસ કરાવવામાં આવે અને તે ગૌરવને પુનઃ પ્રસ્થાપિત કરીને ધર્મ અને તેના ગૌરવનો ઉપયોગ ક્રાંતિના સાધન તરીકે અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે. આવા વિચારથી તેમણે ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં જવાનું નક્કી કર્યું અને કોઇ પણ પૂર્વતૈયારી વગર અમેરિકા જવા રવાના થયા. અમેરિકા ગયા પછી પણ છેક ધર્મપરિષદના દિવસ સુધી સ્વામીજીએ કરવા પડેલા સંઘર્ષનો ઇતિહાસ તો જાણીતો છે એટલે અહીં તેની પુનરોક્તિ ટાળી છે. પણ તેમનો એ સંઘર્ષ રંગ લાવ્યો અને તેમના પ્રવચનની અસર એવી ને એટલી પડી કે ૧૮૯૩થી ૧૯૦૦ સુધી બે વખત તેઓ અમેરિકા જઇ આવ્યા. આ યાત્રા દરમ્યાન તેમણે વિશ્વને હિંદુ ધર્મનો સાચો અર્થ સમજાવ્યો અને ભારતને જાગૃત કર્યું. અમેરિકામાં તેમના પ્રવચનોએ ધૂમ મચાવી અને એવી ધૂમ મચાવી કે આખા વિશ્વમાં તેનો ઘણો પ્રભાવ પડ્યો. વિશ્વનો આપણા દેશ અને ધર્મ પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાયો અને ભારતમાં એવો ગૌરવપૂર્ણ ભાવ આવ્યો કે આપણું બધું છીનવાઇ ગયું નથી. આપણી પાસે આ દારુણ પરિસ્થિતિમાં પણ વિશ્વને આપવા જેવું ઘણું છે.